**TVV (IVR)** સાથે શિફ્ટ રેકોર્ડ થયા બાદ, નોકરીપ્રદાતા **TVV (IVR)** લાઈનમાં કૉલ કરીને અને કેટલાક પગલાઓ અનુસરીને કામ કરેલા સમયને મંજુર કરી શકે છે. નોકરીપ્રદાતા તરીકે, દરરોજ કૉલ કરીને શિફ્ટ્સની સમીક્ષા કરવાની પસંદગી તમારી છે અથવા તમે ઓછી માત્રામાં કૉલ કરી શકો છો અને એકસમાન કૉલ પર બહુવિધ શિફ્ટ્સની સમીક્ષા કરી શકો છો. તમારા FMS પ્રદાતાની સૂચનાઓનું પાલન કરો કારણ કે તમારે સમયસર શિફ્ટ્સ મંજુર કરવાની જરૂર પડશે જેથી તમારા કર્મચારીઓને સમયસર ચૂકવણીઓ કરવામાં આવે.

1. FMS પ્રદાતા સાથે રજીસ્ટર કરેલા ફોન નંબર પરથી ટોલ-ફ્રી નંબર પર કૉલ કરો.
2. નોકરીપ્રદાતાની શિફ્ટની સમીક્ષા અને મંજુરી શરૂ કરવા માટે “3” દબાવો.
3. તમારી છ-આંકડાની નોકરીપ્રદાતા આઈડી દાખલ કરો. તમારે છ આંકડાઓ દાખલ કરવા અનિવાર્ય છે. સિસ્ટમ તમને ફરી આઈડી વાંચી સંભળાવશે, તમે “1” દબાવીને આઈડીની પુષ્ટિ કરશો.
4. તમારો છ-આંકડાનો પિન દાખલ કરો. તમારે છ આંકડાઓ દાખલ કરવા અનિવાર્ય છે. પિન એ તમારા માટે FMS પ્રદાતા દ્વારા સેટ અપ કરવામાં આવતા પાસવર્ડ જેવો છે અને તમારા કર્મચારીઓ સાથે શેર કરવો જોઈએ નહીં. સિસ્ટમ તમને ફરી પિન વાંચી સંભળાવશે, અને તમે “1” દબાવીને પિનની પુષ્ટિ કરશો.
5. સિસ્ટમ તમને કસ્ટમર આઈડી, કર્મચારી આઈડી, શિફ્ટની પ્રારંભ તારીખ અને સમય, શિફ્ટની સમાપ્તિ તારીખ અને સમય, શિફ્ટ કેટલો સમય હતી, અને સર્વિસ કૉડ સહિતની શિફ્ટની માહિતી વાંચી સંભળાવશે.
6. તમને મંજુર કરવા માટે “1” દબાવવા, શિફ્ટની માહિતી પુનરાવર્તિત કરવા માટે “2” દબાવવા અથવા મંજુરી જતી કરવા માટે “3” દબાવવા માટે કહેવામાં આવશે. (નોંધ: જો તમે આ સંખ્યાઓમાંથી કોઈ પણ ન દબાવો, તો શિફ્ટ માહિતી આપમેળે પુનરાવર્તિત કરવામાં આવશે.)
7. જો અન્ય કોઈપણ શિફ્ટ્સને મંજુર કરવાની જરૂર હોય, તો તે શિફ્ટ્સ મોટેથી વાંચી સંભળાવવામાં આવશે, અને તમને મંજુર કરવા, પુનરાવર્તિત કરવા અને જતા કરવા માટેનાં એકસમાન વિકલ્પો હશે.
8. તમામ શિફ્ટ્સની સમીક્ષા કરવામાં આવ્યા બાદ સિસ્ટમ જણાવશે કે “શિફ્ટની મંજુરી માટે તમારો આભાર. આવજો.”

અહીં શિફ્ટ્સની સમીક્ષા કરવા અને મંજુર કરવા કૉલ કરતી વખતે તમને જરૂરી માહિતી લખવા માટેની જગ્યા છે. તમે જેના નોકરીપ્રદાતા હોવ તેવા સહભાગી/ગ્રાહક અથવા સહભાગી/ગ્રાહકને મદદ કરતા FMS તમને જરૂરી હોય તેવી માહિતી આપશે.

| તમને જરૂરી માહિતી | મારી માહિતી |
|---|---|
| TVV ફોન નંબર | |
| મારી નોકરીપ્રદાતા આઈડી | |
| મારો પિન | |
| સહભાગી/ગ્રાહક આઈડી | |
| કર્મચારી આઈડી | |

જો તમને હજુ પણ પ્રશ્નો હોય, તો કૃપા કરીને સહાયતા માટે સીધા જ FMS પ્રદાતાનો સંપર્ક કરો.



સંસ્કરણ R_1.0 ©Annkissam, 2022